# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-06-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM : IATAની સામાન્ય સભા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર વૈશ્વિક હવાઈ પરિવહન ઉદ્યોગમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને આજે તે આત્મવિશ્વાસથી ભરેલું છે.

ગઇકાલે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન સંગઠનને **-IATA**ની 81મી વાર્ષિક સામાન્ય સભામાં સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ભારત વૈશ્વિક અવકાશ-ઉડ્ડયન સંકલનમાં અગ્રણી શક્તિ તરીકે ઉભરી રહ્યું છે.

**-------------------------------------------------------------------------------------------**

## PM અને પેરાગ્વે રાષ્ટ્રપતિ

ભારત અને પેરાગ્વેએ સ્વચ્છ ઊર્જા, ગ્રીન હાઇડ્રોજન અને જૈવ ઇંધણ જેવા ક્ષેત્રોમાં તેમના સંબંધોને વધુ મજબૂત કરવાનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને પેરાગ્વેના રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેના પલાસિયોસ વચ્ચે ગઇકાલે નવી દિલ્હીમાં પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બંને દેશોએ સાયબર ગુના, સંગઠિત ગુના, માદક દ્રવ્યોની દાણચોરીના જોખમને દૂર કરવા માટે તેમની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

**-------------------------------------------------------------------------------------------**

## સાયકલ દિવસ

આજે તા. 3 જૂને  દર વર્ષે ઊજવાતા વિશ્વ સાઈકલ દિવસ નિમિત્તે અદાણી સંચાલિત ગેઇમ્સ જી.કે. જનરલ હોસ્પિટલ ભુજના તબીબોએ જણાવ્યું હતું કે, સાઇકલ ચલાવવાથી શરીરનું સંતુલન સુધરે છે, ફેફસાં દુરસ્ત રહે છે અને તેની ક્ષમતામાં વધારો થાય છે.

દરમિયાન રિજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા વિશ્વ સાયકલ દિવસ નિમિતે સ્લો સાઇકલીંગ સ્પર્ધાનું આયોજન આજે સાંજે 6 કલાકે કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ 3 થી 5 અને 6 થી 8 એમ બે કેટેગરીમાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. તો પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિના ઉદેશ સાથે 3 જૂન વિશ્વ સાયકલ દિવસ અને ૫ જૂન વિશ્વ પર્યવારણ દિવસની સંયુક્ત ઉજવણીના ભાગરૂપે ભુજમાં પેડલ ફોર એનવાયરમેન્ટના સૂત્ર સાયકલોત્સવ યોજાશે.

---------------------------------------------------------------------------------------

## NEET પરીક્ષા રદ

આ મહિનાની 15મી તારીખે યોજાનારી રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા **NEET** પી. જી. 2025 વધુ પરીક્ષા કેન્દ્રો અને જરૂરી માળખાગત સુવિધાઓની વ્યવસ્થા કરવા માટે મુલતવી રાખવામાં આવી છે.

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન્સ ઇન મેડિકલ સાયન્સ દ્વારા બહાર પાડવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે **NEET** પી. જી. 2025ના આયોજન માટેની સુધારેલી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## IPL ફાઇનલ

અમદાવાદના મોદી સ્ટેડિયમમાં **IPL**ની ફાઇનલ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂં અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે. આજે સાંજે 6 વાગ્યે શરૂ થનારા સમાપન સમારોહ 'ઓપરેશન સિંદૂર'ની થીમ પર યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. સ્ટેડિયમને તિરંગા કલરની લાઇટથી સજાવાશે અને સિંગર શંકર મહાદેવન ન.મો. સ્ટેડિયમને ગજવશે.

બોર્ડ સેક્રેટરી દેવજિત સૈકિયાએ જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ઉજવણી કરવા માટે અમે આર્મી ચીફ જનરલ અન્ય સર્વિસ ચીફ્સ, અધિકારીઓ અને સૈનિકોને અમદાવાદમાં **IPL**ની ફાઇનલ મેચ જોવા માટે આમંત્રણ આપ્યું છે.'

મેચને જોવા માટે દેશ-દુનિયામાંથી મોટી સંખ્યામાં ચાહકો અમદાવાદ આવી રહ્યા છે.

**------------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય કૃષિમંત્રી : કૃષિ અભિયાન સંકલ્પ

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દેશના ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાની સાથે સાથે દેશની ખાદ્ય સુરક્ષા માટે પણ પ્રતિબદ્ધ છે.

શ્રી ચૌહાણ  વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન હેઠળ બિહારનાં મોતિહારીમાં પિપરાકોથ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે કૃષિ મંત્રીએ જણાવ્યું  કે આ અભિયાનનો મુખ્ય ધ્યેય લાભાર્થી ખેડૂતોને વિવિધ યોજનાઓ અને કલ્યાણ કાર્યક્રમોનું ઘરે ઘરે પહોંચાડવાનો છે.

**------------------------------------------------------------------------------------------**

## ITI અંજાર પ્રવેશ

**અંજાર આઇટીઆઇ ખાતે ફીટર, ઇલેકટ્રીશીયન, વાયરમેન સહિતના વિવિધ પસંદગીના વ્યવસાયમાં પ્રવેશ માટે ઇચ્છુક ઉમેદવારોને આઇટીઆઇ-અંજાર હેલ્પ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઇ રૂ. 50 રજિસ્ટ્રેશન ફી ઓનલાનઇ ભરી વહેલી તકે એડમિશન અંગેની પ્રક્રિયા ભાગ લેવા જણાવવામાં આવે છે. પ્રવેશ ફોર્મ માટે ફોર્મ ભરવાની છેલ્લી તા.30 જૂન છે. પ્રવેશ લેવવા ઇચ્છુકોએ તાત્કાલિક ઓનલાઇન અરજી કરવા જણાવાયું છે.**

**------------------------------------------------------------------------------------------**

## અદાણી : રેકોર્ડ

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (એપીએસઈઝેડ) સ્થિત મુંદરા લિક્વિડ ટર્મિનલે મે-2025માં 8,51,364 મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન કરીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે જે જાન્યુઆરી 2025માં કરેલા 0.841 એમએમટીના અગાઉના વિક્રમો વટાવી ગયું છે.

**-------------------------------------------------------------------------------------**